BUSINESS મિત્ર

મિડકેપ-સ્મોલકેપ શેરોમાં પણ નરમાઇ રોકાણકારોની સંપત્તિમાં રૂ. 3.04 લાખ કરોડનો ઘટાડો નોંધાયો

શેરબજારમાં સતત ચોથા દિવસે ઘટાડો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 20: ભારતીય શેરબજારમાં આજે ચોથા દિવસે ઘટાડો જોવાયો હતો. છેલ્લા ત્રણ દિવસમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં નજીવા ઘટાડા સાથે સપોર્ટ લેવલની ઉપર બંધ રહેતા હતા, પરંતુ આજે નિફ્ટીએ 22800ના સપોર્ટ લેવલને પણ તોડી નાંખ્યું છે. જેના લીધે આવનારા દિવસોમાં હજુય નરમાઈ આગળ વધે તેવું માનવામાં આવી રહ્યું છે.

ભારતીય શેરબજારમાં આજે મોટા ભાગના સેકટરો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. મેટલ સેકટરને બાદ કરતા તમામ સેકટરો લાલ નિશાનમાં રહ્યા હતા. ટેસ્લાના આગમનના અહેવાલના પગલે ઓટો કંપનીઓના શેરોમાં ગાબડા પડ્યા હતા. જેમાં મહિન્દ્રા-મહિન્દ્રા અને ટાટા મોટર્સને વધુ ફટકો પડ્યો હતો. કેમ કે ટેસ્લા ઈવી સેગમેન્ટમાં છે, જેનાથી ટાટા મોટર્સ અને મહિન્દ્રાને મોટી અસર થશે. જેના લીધે આ બંને કંપનીઓના શેરોમાં વેચવાલી હાવી રહી હતી.

રૂપિયામાં 5 પૈસાનો ઘટાડો

કરન્સી બજારમાં ગઇકાલે ડોલરમાં જોરદાર ઘટાડો રહ્યો હતો, પણ આજે ડોલરની સામે રૂપિયો નજીવો ઘટયો હતો. ડોલરની સામે રૂપિયો 5 પૈસા ઘટીને 86.71ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં 86.66ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 90.32, પાઉન્ડ 109.75, કેનેડિયન ડોલર 61.06, ઓસ્ટ્રેલિયન ડોલર 55.49, જાપાનીઝ યેન 0.5766 અને સીંગાપોર ડોલર 64.70ના સ્તરે બંધ રહ્યા હતા.

બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં બે દિવસમાં તેજીને અટકી ગયો છે, જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 3.04 લાખ કરોડનો ઘટાડો રહ્યો હતો. જેના લીધે માર્કેટ કેપ ઘટીને રૂ. 401.81 લાખ કરોડ પર થઈ ગયો. ગત સેશનમાં રૂ. 404.85 લાખ કરોડનો રહ્યો હતો. વિક્રમ સોલાર લિમિટેડ, ભારતના સોલાર ફોટો-વોલ્ટેકમોડ્યૂલના અગ્રણી નિર્માતા દ્વારા તેમની પશ્ચિમ બંગાળની ફાલ્ટા ફેસિલિટીની ઉત્પાદન ક્ષમતામાં 1 ગીગાવોટનો ધરખમ વધારો સફળતાપૂર્વક કરવામાં આવ્યો. તે ઉપરાંત ચેન્નઈ, તમિલનાડુની ઓરાગાદમ ફેસિલિટીની મેન્યુફેકચરિંગ લાઇનમાં પણટોપકોન અને એચજેટીસહિતના વધુ કાર્યક્ષમ ટેક્નોલોજી મોડ્યૂલ ઉત્પાદન કરવા માટેની ફેસિલિટી પણ અપગ્રેડ કરવામાં આવી છે.

બીએસઈ સેન્સેક્સ 424.90 પોઈન્ટ એટલે કે 0.56 ટકા ઘટીને 75311.06 પોઈન્ટ પર બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 75748 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જે 75112 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી117.25 પોઈન્ટ એટલે કે 0.51 ટકા ઘટીને 22795.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22921 પોઈન્ટ સુધી ઉછળી હતી, પણ નીચામાં 22720 પોઈન્ટ સુધી ઘટી હતી. આજે નિફ્ટીએ 22800 પોઈન્ટની સપોર્ટ લેવલ તોડી નાંખીને બધ રહી હતી. જ્યારે બેન્ક નિફ્ટી 353.35 પોઈન્ટ એટલે કે 0.72 ટકા ઘટીને 48981.20 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ચાલેટ હોટલ્સમાં 83.32 ગણા, ગોદરેજ ઈન્ડ.માં 4.49 ગણા, સેન્ચુરી પ્લાયબોર્ડમાં 2.77 ગણા, પ્રેસ્ટીજ એસ્ટેટમાં 3 ગણા અને ટાટા કન્ઝ્યુમરમાં 2.62 ગણા કાકમજાનોંધાયા છે. એનએસઈ ખાતે ગોદરેજ ઈન્ડ.માં 17.25 ગણા, સેન્ચુરી પ્લાયબોર્ડમાં 14.22 ગણા, સુંદરમ ફાસ્ટનર્સમાં 8.81 ગણા, સીઆઈઈ ઓટોમોટિવમાં 7.55 ગણા અને વિજયા ડાયગ્નોસ્ટીકમાં 6.84 ગણા કામકાજ નોંધાયા છે.

સેન્સેક્સ	-424.90	75311.06
નિફ્ટી	117.25	22795.90
બેન્ક નિફ્ટી	-353.35	48981.20

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
હિન્દાલ્કો	2.31	653.55
ટાટા સ્ટીલ	1.97	140.76
એસબીઆઇ લાઇફ	1.74	1495.40
આઇશર મોટર	1.51	4962.45
લાર્સન-ટુબ્રો	1.20	3315.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મહિન્દ્રા-મહિન્દ્રા	5.99	2669.35
બીપીસીએલ	2.82	251.30
અદાણી પોર્ટ્સ	2.56	1083.25
ટાટા મોટર્સ	2.41	673.20
વિપ્રો	2.22	306.35

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા સ્ટીલ	1.88	140.60
લાર્સન-ટુબ્રો	1.10	33110.50
એચસીએલ ટેકનો	0.75	1700.85
એશિયન પેઇન્ટસ	0.35	2257.20
એચડીએફસી બેન્ક	0.31	1691.55

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મહિન્દ્રા-મહિન્દ્રા	6.07	2667.80
અદાણી પોટર્સ	2.57	1082.95
ટાટા મોટર્સ	2.46	672.90
સન ફાર્મા	1.60	1643.05
પાવરગ્રીડ	1.52	261.75

ધર્માદા ટ્રસ્ટોને લગતી જોગવાઇઓ

બજેટ 2025માં ધર્માદા ટ્રસ્ટોને લગતા ફેરફારોમાં હાલની જોગવાઇઓ મુજબ ટ્રસ્ટની નોંધણી સમયે અપૂરતી વિગતો ભરી છે અથવા વિગતો ભરવામાં ભૂલ થઇ છે એ ગ્રાઉન્ડ પર નોંધણી રદબાતલ કરવાની સત્તા દૂર કરી છે.

આમ આ નવી જોગવાઇ અંતર્ગત હવે આવી અપૂરતી વિગતોને આધારે નોંધણી નહિ કરવાની કે નોંધણી રદબાતલ કરવાની સત્તા દૂર થતાં હવે ટ્રસ્ટોના માથે લટકતી તલવાર હવેથી સંપૂર્ણ રાહત મળશે.

નવા ટ્રસ્ટોની નોંધણી કલમ-12-એબી મુજબ ટ્રસ્ટની નોંધણી પાંચ વર્ષ કરવામાં આવે છે અને જો હંગામી (પ્રોવિઝનલ) નોંધણી કરવામાં આવે તો 3 વર્ષની લીમીટ છે. આ પાંચ વર્ષ કે ત્રણ વર્ષની લીમિટ અને સમય મર્યાદા પૂરી થતાં ફરીથી રીન્યુઅલ આવે છે અને આ રીન્યુઅલમાં બહુ વિગતો માંગવામાં આવે છે અને એને લીધે ટ્રસ્ટોનું પેપર વર્ક બહુ વધી જાય છે અને આ ભારણને લઇને નાના ટ્રસ્ટોએ પણ સી.એ.ની વારંવાર સલાહ સૂચન લેવા પડે છે. હવે નવી જોગવાઇ મુજબ પાંચ વર્ષ કે ત્રણ વર્ષને બદલે સીધો 10 વર્ષની રીન્યુઅલ લીમીટ થતાં ટ્રસ્ટોએ રાહત અનુભવી છે.

આમ જે ટ્રસ્ટોની રીન્યુઅલ

ટેકસ ટ્વિટર
વિરેશ રૂદલાલ

તારીખ નજીકમાં (31.3.25 અને ત્યારબાદ) જ હોય તેઓને આ કંટાળાજનક પ્રક્રિયામાંથી મુક્તિ મળી છે તેઓએ હવે સીધી 31.3.31માં રીન્યુઅલ કરવાનું રહે છે. આ સંદર્ભે નાના ટ્રસ્ટની વ્યાખ્યામાં જે ટ્રસ્ટની છેલ્લા બે વર્ષમાં આવક 5 કરોડ કરતાં વધારે ન હોય તે તમામને મોટી રાહત મળશે.

80જીમાં ફેરફારો

ઉપરોકત ટ્રસ્ટ નોંધણી અને રીન્યુઅલની 10 વર્ષની મુદત સુધારાની જોગવાઇની સાથોસાથ કલમ 80જીની ડોનેશન કપાત સંદર્ભે પણ કરવાની જરૂર છે. જે અંગે બજેટમાં શરતયૂક સંદર્ભે નાણાં મંત્રીનું ધ્યાન દોરવામાં આવ્યું છે. 80જીમાં પણ 10 વર્ષની લીમીટ કરવાની જરૂર છે. જો કે હવે નવી ટેક્ષ સીસ્ટમને લઇને કલમ 80જીનો લાભ મળવા પાત્ર નથી તેથી પણ આ કલમમાં ખાસ હવે રસ રહ્યો નથી.

કલમ- 13(3)

આ કલમમાં પેટા કલમ બીમાં સુધારો કરીને સંબંધિત વ્યક્તિમાં એનુ ટ્રસ્ટમાં યોગદાન 10 લાખથી વધારે હોય અને એની પાછળ ખર્ચ કરેલ હોય તો જ કલમ-11 અને 12ના ભંગ બદલ ટ્રસ્ટ લાભ ગુમાવશે જે લીમિટ હાલમાં 50 હજાર છે.

જે ધંધામાં ઉપરોક્ત વ્યક્તિનો નોંધપાત્ર હિસ્સો હોય એને પણ 13(3)માંથી બાકાત રાખેલ છે. 1.4.25થી આ સુધારા છે.

દુનિયાભરની સેન્ટ્રલ બેંકો પોતાની કરન્સીને પકડી રાખવામાં વ્યસ્ત

ટેરિફ વોર, એફઆઇઆઇની વેચવાલી તથા વૈશ્વિક અસ્થિરતાના પગલે રૂપિયો વધુ નબળો રહ્યો

ટ્રમ્પે 25 ટકા ટેક્સ લગાવવાની જાહેરાત બાદ વિશ્વમાં ખળભળાટ મચી ગયો

નવી દિલ્હી, 21: રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ ડોલર સામે રૂપિયો રોકી રાખ્યો હતો એટલું જ નહીં પરંતુ ટ્રેડિંગ ડેમાં રૂપિયો 33 પૈસા મજબૂત થઇને 86.65ની સપાટીએ બંધ રહ્યો હતો. નિષ્ણાતોનું કહેવું છે કે બુધવારે મોડી રાતે અમેરિકાના રાષ્ટ્રપતિએ ઓટો, ફાર્મા અને કેટલીક મેટલ્સની આયાત પર 25 ટકા ટેક્સની જાહેરાત કર્યા બાદ દુનિયાભરની સેન્ટ્રલ બેન્કોએ પોતાનું ચલણ જાળવી રાખવા માટે પૂરી તાકાત લગાવી દીધી હતી. આ કારણે રૂપિયો પણ મજબૂત થયો છે, પરંતુ તે ભવિષ્યની ગેરંટી નથી.

એક દિવસ અગાઉ જાહેર કરવામાં આવેલા આરબીઆઇના માસિક અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે કે અમેરિકન ડોલરની મજબૂતી, એફઆઇઆઇ આઉટફ્લો અને વૈશ્વિક અસ્થિરતા એ ત્રણ પરિબળો છે જે રૂપિયાના ભાવને અસર કરે છે. જાન્યુઆરી 2025માં ડોલર સામે રૂપિયો 1.5 ટકા નબળો પડ્યો છે. જાપાનીઝ યેન, બ્રિટિશ પાઉન્ડ, આર્જેન્ટિના પેસો, સાઉથ આફ્રિકન રેન્ડમાં ઘટાડો ભારત કરતા વધુ છે, પરંતુ ચીન, થાઇલેન્ડ, તાઇવાન, ફિલિપાઇન્સ, મલેશિયાના ચલણમાં ઘટાડો ભારત કરતા ઓછો છે. નિષ્ણાતોનું માનવું છે કે જે દેશોની અર્થવ્યવસ્થા અમેરિકા સાથે વધુ મજબૂત રીતે જોડાયેલી છે, ત્યાં ચલણ પર થોડી અસર જોવા મળી છે. એટલે કે ભારતીય નિકાસકારો સાથે સ્પર્ધા કરી રહેલા એશિયાના વિકાસશીલ દેશોની કરન્સી ભારતીય રૂપિયા કરતાં સારી સ્થિતિમાં છે. રૂપિયાનો આ ઘટાડો છેલ્લા છ મહિનામાં ખૂબ જ ઝડપી રહ્યો છે અને તેની અસર વિદેશી મુદ્રા ભંડાર પર સ્પષ્ટ દેખાઈ રહી છે.

23 સપ્ટેમ્બર, 2024 થી 18 ફેબ્રુઆરી, 2025 ની વચ્ચે, ડોલર સામે રૂપિયો 83.70 થી ઘટીને 86.98 પર આવી ગયો છે. આ સમયગાળા દરમિયાન દેશના વિદેશી મુદ્રા ભંડારમાં 68 અબજ ડોલરનો ઘટાડો થયો છે. હાલમાં તે 638.26 અબજ ડોલર છે, જે 10-11 મહિના માટે દેશનું આયાત બિલ ચૂકવવા માટે પૂરતું છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે એક કાર્યક્રમમાં કહ્યું કે, અમેરિકામાં ગત ચૂંટણીના પરિણામો આવ્યા બાદ વિશ્વની મોટાભાગની કરન્સીમાં ડોલર સામે નબળાઇ જોવા મળી રહી છે. પરંતુ ભારતમાં વિદેશી મુદ્રા ભંડારની સ્થિતિ ઘણી સારી છે, જેના કારણે ભારતીય રૂપિયામાં ખાસ નબળાઇ જોવા નથી મળી.

સેન્સેક્સ સતત 5મા મહિને નીચે, 24 વર્ષનો રેકોર્ડ તોડ્યો

હજુય 8 દિવસ ઘટશે તો 30 વર્ષનો રેકોર્ડ તુટશે

ડિસેમ્બર સુધીમાં શેરબજારમાં રિકવરી જોવા મળશે: નોમુરા

નવી દિલ્હી, તા. 21: છેલ્લે 1996માં એટલે કે લગભગ 30 વર્ષ પહેલાં આટલો લાંબો ઘટાડો જોવા મળ્યો હતો. 20 ફેબ્રુઆરીના રોજ શેર બજાર ઘટ્યું હતું. સેન્સેક્સ 203 અંક ઘટીને 75736 અને નિફ્ટી 20 અંક ઘટીને 22913 પર બંધ થયા છે. ફેબ્રુઆરીમાં સેન્સેક્સમાં અત્યાર સુધી 2.3 ટકા અને નિફ્ટીમાં 2.5 ટકોનો ઘટાડો આવ્યો છે.જો આ ઘટાડો આ રીતે જ ચાલુ રહેશે તો 30 વર્ષનો રેકોર્ડ તૂટી જશે. જો આમ થશે તો આ સતત પાંચમો મહિનો હશે જ્યારે શેરબજારમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લે 1996માં એટલે કે લગભગ 30 વર્ષ પહેલાં આટલો લાંબો ઘટાડો જોવા મળ્યો હતો. બાકીના ફેબ્રુઆરીમાં શેરબજારમાં રિકવરી આવે અને સેન્સેક્સ-નિફ્ટીમાં પણ થોડો વધારો થાય તો પણ 24 વર્ષનો રેકોર્ડ તૂટશે. જોકે, શેરબજારમાં અઢી દાયકાના ઘટાડાનો રેકોર્ડ તૂટી ચૂક્યો છે. એનએસઈમાં આંકડા મુજબ નિફ્ટીમાં ઓક્ટોબર 2024થી જાન્યુઆરી 2025 વચ્ચે સતત ચાર મહિના સુધી ઘટાડો જોવા મળ્યો હતો.

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૨૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૮૪	૫૦/૩૬ ''	૧૨૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૨
૩૦/૩૬ એફડી	૨૯૫	૫૦/૪૮ SD/ક્રેપ	૧૭૧	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૧
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૦	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૩.૫
૬૮/૩૬	૧૨૮	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૩૧.૬
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૮	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૮.૮
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૨	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૮.૮
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૨	૮૦/૭૨ રોટો	૧૨૯	૭૫ ક્રિમ્પ	૧૨૫.૪૪
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૨	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૧.૫	૮૦ ક્રિમ્પ	૧૨૪.૩૨
૮૦/૭૨ રોટો.	૧૨૯	૧૬૦ ડીસ્કેટ	૧૪૧.૫	૮૦/૭૨ રોટો	૧૨૯.૯૨
૮૦/૩૬ રોટો.	૧૨૮	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૧	૮૦/૧૦૮ ''	૧૨૯	૩૦/૩૬ એફડી	---

ટેસ્લા અમેરિકામાં કાર બનાવીને ભારતમાં વેચશે

ટૂંક સમયમાં જ દેશમાં ઇવી પોલિસી લાગુ થવાની શક્યતા, આનાથી ઇમ્પોર્ટ ડ્યૂટી 70 ટકાથી ઘટીને 15 ટકા થશે

નવી દિલ્હી, તા. 21: એલોન મસ્કની ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લા ડાયરેક્ટ ટૂ કસ્ટમર બિઝનેસ સાથે ભારતમાં એન્ટ્રી કરી શકે છે. એટલે કે ભારતમાં કાર બનાવવાને બદલે કંપની સીધી જ અમેરિકાથી આયાત કરશે અને તેને પોતાના ભારતીય સ્ટોર્સમાંથી વેચશે. કારણ કે ભારત સરકાર આ વર્ષે એપ્રિલમાં ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી લાગુ કરી શકે છે, જેમાં ઈલેક્ટ્રિક વાહનોની આયાત કરતી કંપનીઓ પર માત્ર 15 ટકા ડ્યૂટી લગાવવાની જોગવાઈ કરવામાં આવી છે.

ભારતમાંથી ઓસ્ટ્રેલિયા માટે ફળોનું પ્રથમ શીપમેન્ટ રવાના કરાયું

ભારતના ફળફળાદીની વિદેશમાં વધી રહેલી નિકાસ

સુરત : ભારતની કૃષિનિકાસમાં અભૂતપૂર્વ વિસ્તરણ જોવા મળ્યું છે. જેમાં ઘણા ઉત્પાદનોએ પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રવેશ કર્યો છે. આ ઐતિહાસિક વિસ્તરણ માત્ર વેપાર પૂરતું જ નથી. તે ખેડૂતોને સશક્ત બનાવવાની, ગ્રામ્ય આવકોને વધારવાની અને ભારતના સમૃદ્ધ કૃષિ વારસાને વૈશ્વિક નકશા પર મૂકવા વિશેની વાત છે.

ભારતની કૃષિ નિકાસ માટે એકમહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ, ભારતે દરિયા મારફતે અનુક્રમે પ્રીમિયમ સંગોલા અનેભગવાદાડમના પ્રથમ શિપમેન્ટને સફળતાપૂર્વક ઓસ્ટ્રેલિયા મોકલ્યાહતા. આસ ફળતાએઓસ્ટ્રેલિયામાંભારત નાતાજાફળોનાબજારનીસુલભ તામાંવધારોકર્યોછે.જેનાથી વધુ ભારતીય ઉત્પાદનો વૈશ્વિક પુરવઠા શૃંખલામાં પ્રવેશવાનો માર્ગ મોકળો થાય છે.

આ ચીજો ભારતમાંથી નિકાસ કરવામાં આવી રહી છે

ચીજનું નામ	આયાતકર્તા દેશ	આ વિસ્તારનું ફળ
અંજીર જ્યુસ	પોલેન્ડ	-
ડ્રેગન ફ્રૂટ	લંડન-બહેરીન	ગુજરાત-પશ્ચિમ બંગાળ
દાડમ	અમેરિકા	મહારાષ્ટ્ર
લેટેકુ	દુબઇ	આસામ
જેકફ્રૂટ	જર્મની	ત્રિપુરા
રાજામિર્ચા	લંડન	નાગાલેન્ડ
રેડરાઇસ	યુએસએ	આસામ
વઝાકુલમ અનાનસ	દુબઇ-શારજાહ	કેરળ

જથ્થાબંધ ખાંડબજાર — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૩૫૦
એમ-30	૪૩૦૦
એસ-30	૪૨૦૦
ગુજરાત	
એમ-30	૪૨૦૦
એસ-30	૪૧૫૦

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૮૮૭૧૦
તેજાબી સોનું	૮૮૬૨૦
દાગીના-૨૨ કેરેટ	૮૪૨૭૫
દાગીના-બીઆઈએસ હોલમાર્ક	૮૬૯૩૫
સોનાનાં બિસ્કિટ	૮૮૭૧૦૦
ચાંદી (૯૯૯)	૯૯૭૯૦
ચાંદી સિક્કા	૧૦૧૨૯૦

તેલ બજાર સુરત — ૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૫૯૦	કોપરેલ	૪૩૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૪૨૦	વનસ્પતિ ઘી	૨૫૦૦
સીંગતેલ (૫ લી)	૮૫૦	સનફલાવર	૨૨૬૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૯૦	તલતેલ	૫૪૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૨૨૦	દિવેલ	૨૩૮૦
કપાસીયા (૫ લિ.)	૮૨૦	મકાઇ તેલ	૨૩૮૦
સરસીયું તેલ	૨૭૦૦		

बैंक ऑफ इंडिया BOI Bank of India

ઝોનલ ઓફિસ, સુરત ઝોન :બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત–૩૯૫૦૦૧

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની સ્ટાર મેગા ઈ–હરાજી વેચાણ નોટીસ

ઈ–હરાજીની તા.૨૭.૦૩.૨૦૨૫ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી
(ઓટો એક્સ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) અને રૂલ ૬(૨) સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ ક્રેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ–હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.

અ. નં.	શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	વેચાણ માટેની મિલકતનું વર્ણન	અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨)હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) બાકી રકમ અને ડીમાન્ડ નોટીસ ની તરીખ / ક) કબજાનો પ્રકાર સાંકેતિક /પ્રત્યક્ષ રચનાત્મક	ન્યુનતમ અનામત કિંમત (રૂા.લાખમાં) / ઈએમડી (રૂા.લાખમાં)	શાખા હેડ નો સંપર્ક નંબર
૧.	**પીપલોદ શાખા** શ્રી ધર્મારામ પબુરામ કુમાવત શ્રી ખેમરાજ ડુંગરજી પટેલ (જામીનદાર)	સ્થાયી મિલકત કે જે મહાદેવ નગર નો પ્લોટ નં ૪૭, શ્લોક રેસીડન્સી સામે જોગેશ્વર મહાદેવ મંદિર નજીક, રે.સ નં. ૨૯૫ બ્લોક નં ૨૨૪, મોજે તાતીથૈયા ખાતે કુલ માપ ૩૬.૭૪ ચો.ફુટ જમીનના વણવહેચાયેલ સીઓપી અને રોડ જમીન ના ૨૫.૨૯ ચો.ફુટ ના હિસ્સા સાથે તાતીથૈયા ગામ રોડ, તાતીથૈયા ૩૯૪૩૦૫ તાલુકા પલસાણા. જી. સુરત ખાતે શ્રી ધર્મારામ પબુરામજી કુમાવત ના નામે આવેલ છે.	અ) ૩૧.૦૧.૨૦૨૩ બ) રૂા. ૮,૪૫,૪૭૫.૨૩/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા. ૮.૦૨ રૂા. ૦.૮૧	૮૫૧૧૪૯૬૭૯૫
૨.	**ઉધના શાખા** શ્રી હરેન્દ્ર મલૈયા વેમુલા શ્રી વિક્રમ બલરામ પાત્રા (જામીનદાર)	સ્થાયી મિલકત કે જે ઉમા વિહાર બંગલોઝ નો પ્લોટ નં ૨૫૯ કે જે ડીજીવીસીએલ પાવર ગ્રીડ અને દસ્તાન ફાટક પાસે, દસ્તાન ૩૯૪૩૧૦ તા. પલસાણા જી. સુરત ખાતે રેવન્યુ સર્વે નં ૨૫ બ્લોક નં ૩૧ ખાતે શ્રી હરેન્દ્ર મલૈયા વેમુલા ના નામે આવેલ છે.	અ) ૨૧.૦૪.૨૦૨૩ બ) રૂા. ૯,૬૮,૨૦૦/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૮.૮૮ રૂા.૦.૮૯	૯૯૧૩૩૩૭૦૩૪
૩.	**અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા** પ્રકાશ ચંદ ગુપ્તા (દેવાદાર)	સ્લોક એવન્યુ સ્થિત રહેણાંકનો ફલેટ નં.જીએફ/૦૨, ફલેટ એરીયા ૫૧૬.૫૦ ચો.ફુટ, રે.સ.નં.૨૭૧, ગડખોલ, રાજપીપળા ચોકડી, તા.અંકલેશ્વર, જી.ભરૂચ.	અ) ૦૪.૧૦.૨૦૧૭ બ) રૂા. ૭,૮૧,૫૧૭.૦૦/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૭.૫૦ રૂા.૦.૭૫	૯૭૮૨૯૧૭૭૨૨
૪.	**આનંદ મહલ રોડ શાખા** સીતાદેવી કનૈયા વર્મા (દેવાદાર)	મહાવીર નગર રેસીડન્સી સ્થિત રહેણાંકની મિલકત પ્લોટ નં.૪૨૪/બી, રે.સ.નં.૫૯, ૬૦, ૬૧ અને ૬૨, જુનો બ્લોક નં.૬૭, કારેલી લેક ની બાજુમાં, મોજે કારેલી, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૬૦૨	અ) ૩૦.૦૬.૨૦૨૧ બ) રૂા. ૧૩,૦૮,૨૪૬.૬૬ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૧૧.૬૨ રૂા.૧.૧૬	૯૩૭૨૨૭૦૦૯૩
૫.	**આનંદ મહલ રોડ શાખા** શ્રીમતી અસ્મીતા હસમુખભાઈ મંગુકિયા અને અન્યો	ગ્રીન હેવન રો હાઈસ સ્થિત રહેણાંકની મિલકત એ– ટાઈપ, નો પ્લોટ નં.૧૨, રે.સ.નં.૨૦/૧ પૈકી, પૈકી અને ૫/૧ પૈકી, બ્લોક નં.૨૭૩ પૈકી, ડિવીઝન નં. ૧, કિરણ નર્સીંગ કોલેજ નજીક, ઓલપાડ રોડ, વડોદ, સુરત–૩૯૪૫૨૦ ખાતે શ્રીમતી અસ્મીતાબેન હસમુખભાઈ મંગુકિયા ના નામે આવેલ છે.	અ) ૧૩.૧૧.૨૦૨૪ બ) રૂા. ૪૨,૪૭,૯૦૮.૧૮ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) સાંકેતીક કબજો	રૂા.૪૦.૩૨ રૂા.૪.૦૪	૯૩૭૨૨૭૦૦૯૩
૬.	**સુરત મેઈન શાખા** પ્રીયા અનુજ ભાસીન	સ્થાયી મિલકત નો રહેણાંકનો ફલેટ મોજે નવસારી રે.સ.નં ૩૦૩/૧/૨/૩ ટી.પી.નં ૦૧ એફ પી નં ૭૯ ટીકા નં ૪૨ અને ૪૩ સીટી સર્વે નં ૧૭૯૯ (૧૮૧૧ અને ૧૮૧૨)/ ૬૨ અને ૧૮૦૦ થી ૧૮૦૨ નવા સીટી સર્વે નં ૧૭૯૯/૬૨ ખાતે બંધાયેલ વેન્ચુરો એપાટમેન્ટ ના વિંગ એ નો ૪મા માળનો ફલેટ નં ૪૦૩, શ્રધ્ધા મ્યુનસીપાલટી હોસ્પીટલ ની સામે, નવસારી રેલ્વે સ્ટેશન નજીક, નવસારી ૩૯૬૪૪૫ તા. નવસારી, જી. નવસારી ખાતે શ્રીમતી પ્રીયા અનુજ ભસીન ના નામે આવેલ છે.	અ) ૦૫.૦૬.૨૦૨૩ બ) રૂા. ૨૦,૭૪,૪૬૨.૮૭/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૨૦.૦૨ રૂા.૨.૦૧	૮૮૬૦૧૨૨૨૯૩
૭.	**સુરત મેઈન શાખા** શ્રીમતી મનિષા સંદિપ પાટીલ અને અન્યો	સ્થાયી મિલકતનો રહેણાંકનો ઓમ હરિઓમ પાર્ક, નો પ્લોટ નં. ૧૭૫, તુલસી પેપર મીલ નજીક, કારેલી – મોટા રોડ, કારેલી, તા. પલસાણા, સુરત – ૩૯૪૬૦૧ ખાતે શ્રીમતી મનિષા સંદિપ પાટીલ અને શ્રી સંદિપ પરાશ્રમ પાટીલ ના નામે આવેલ છે.	અ) ૦૨.૧૧.૨૦૨૩ બ) રૂા. ૯,૧૨,૦૮૮.૦૦/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૯.૧૫ રૂા.૦.૯૨	૮૮૬૦૧૨૨૨૯૩
૮.	**સુરત મેઈન શાખા** શ્રીમતી ભારતીબેન મનુભાઈ વણઝારા અને અન્યો	સ્થાયી મિલકતનો રહેણાંકનો રાજમંદિર રેસીન્ડસી, નો પ્લોટ નં. ૩૦, ગામ. તાતીથૈયા, તા. પલસાણા, સુરત – ૩૯૪૩૦૫ ખાતે શ્રીમતી ભારતીબેન મનુભાઈ વણઝારા અને શ્રી મનુભાઈ ગણપતભાઈ વણઝારા (મૃતક) ના નામે આવેલ છે.	અ) ૦૭.૦૬.૨૦૨૩ બ) રૂા. ૧૪,૮૯,૧૬૦.૨૧/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૧૧.૫૦ રૂા.૧.૧૫	૮૮૬૦૧૨૨૨૯૩
૯.	**રામપુરા શાખા** શ્રીમતી મંજુબેન રમેશભાઈ મોરડિયા અને અન્ય	રહેણાંકની સ્થાયી મિલકત કે જે સુમન સાર્થક ના બિલ્ડીંગ એ નો ફલેટ નં. એ/૫૦૪, એલઆઈએફ– ૨૪, ગંગોત્રી સોસાયટી સામે, લક્ષ્મીનારાયણ સોસાયટી બાજુમાં, ડભોલી રોડ, કતારાગામ, સુરત– ૩૯૫૦૦૪ ખાતે શ્રીમતી મંજુબેન રમેશભાઈ મોરડિયા ના નામે આવેલ છે.	અ) ૨૪.૦૯.૨૦૨૪ બ) રૂા. ૨,૯૧,૬૨૨,૭૮/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) સાંકેતીક કબજો	રૂા. ૧૪.૫૯ રૂા. ૧.૪૬	૯૯૨૫૧૭૮૨૩૯
૧૦.	**નવાગામ કેસીઆર શાખા** સુમન આર. પાલ, રામસરે કે. પાલ	પ્લોટ નં.૪૭/બી, ૪૮/બી, મહાવીર નગર રેસીડન્સી, કારેલી લેક નજીક, કારેલી–મોતા રોડ, કારેલી, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૬૦૧	અ) ૨૨.૧૧.૨૦૨૧ બ) રૂા. ૨૬,૬૯,૧૫૨/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા. ૨૪.૦૦ રૂા. ૨.૪૦	૮૯૬૯૬૧૯૫૪૫

હરાજીમાં ભાગ લેતા પહેલા બીડરોએ મિલકત/તોનું સાઈટ પરનું માપ અને રેવન્યુ રેકર્ડ માં પણ માપ ચકાસી લેવાનું રહેશે.

નિયમો અને શરતો : (૧) સદર મિલકતની હરાજી 'જેમ છે તેમ' અને જ્યાં છે ત્યાં' અને ઓનલાઈન કરવામાં આવશે. બીડ કરતા પહેલાં **તે પહેલા કામકાજના દિવસો દરમ્યાન** ઈએમડી એનઈએફટી અથવા ફંડ ટ્રાન્સફરથી હરાજી ની પ્રક્રિયા સુધી જમા કરી શકાશે. (૨) બીડરે વધુ વિગતો, નિયમો અને શરતો ડાઉનલોડ કરવા કૃપા કરી (એ) https://www.bankofindia.co.in ની મુલાકાત લેવી. (બી) અમારી ઈ–હરાજી સેવા આપનારી વેબસાઈટ https://baanknet.com અને https://baanknet.com ની મુલાકાત લઈ શકે છે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડીઓ ઉપલબ્ધ છે. બીડરો એ નીચેના સ્ટેપ બીડીંગમાં સારી રીતે પૂર્ણ કરવાના રહેશે. સ્ટેપ ૧ : બીડર/ખરીદનાર નોંધણી : ઈ–ઓકશન પ્લેટફોર્મ ઉપર નોંધણી કરનારે (ઉપર આપેલ લીંક) માં મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી નો ઉપયોગ કરવાનો રહેશે. સ્ટેપ ૨ : કેવાયસી ખરાઈ : બીડરે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે, કેવાયસી દસ્તાવેજોની ચકાસણી ઈ–હરાજી સેવા આપનાર દ્વારા કરવામાં આવશે. (કાર્યકારી ૨ દિવસ લાગી શકે છે). સ્ટેપ ૩ : બીડર ગ્લોબલ વોલેટ દ્વારા ઈએમડી રકમનું ટ્રાન્સફર, ઈ–હરાજી પ્લેટફોર્મ પર જનરેટ થયેલ ચલણનો ઉપયોગ કરીને એનઈએફટી ઈ–હરાજી પ્લેટફોર્મ ઓનલાઈન / ઓફ લાઈન ફંડનું ટ્રાન્સફર કરી શકાશે. સ્ટેપ ૪ : બીડીંગ પ્રક્રિયા અને હરાજીના પરિણામો : રસ ધરાવનાર રજીસ્ટર્ડ બીડર ઓનલાઈન ઈ–હરાજી પ્લેટફોર્મ પર ૧, ૨ અને ૩ સ્ટેપ પૂર્ણ કર્યા પછી બીડીંગ કરી શકશે. અને બીડર્સને જાણ કરવામાં આવે છે કે ઈએમડી જમા કરવા પહેલા ઈ–હરાજીની તારીખ પહેલા સ્ટેપ ૧, ૨ અને ૩ સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા પડશે. (૩) અધિકૃત અધિકારીની મહત્તમ જાણકારી અને માહિતી અનુસાર મિલકત પર અન્ય કોઈ બોજો નથી છતાં બીડરે બીડ કરતા પહેલા મિલકતના ટાઈટલ અને ક્લેઈમ / હક્ક / બાકી / બોજા અંગેની જાણકારી મેળવી લેવી. ઈ–હરાજીની જાહેર ખબર બેંક પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધીત્વ દર્શાવતી નથી કે દર્શાવતી હોઈ તેમ સમજી શકાશે નહી. મિલકતની હરાજી બેંક દ્વારા મિલકત ઉપરના હાલના તેમજ ભવિષ્યના જાણીતા કે અજાણ તમામ બોજા સહિત વેચવાની છે. અધિકૃત અધિકારી / સિકયોર્ડ ક્રેડીટર્સ થર્ડ પાર્ટી ના ક્લેઈમ / રાઈટ્સ / વાંધા માટે જવાબદાર રહેશે નહી. **(૪) નિરીક્ષણ ની તારીખ : ૨૧.૦૩.૨૦૨૫ ના રોજ સવારે ૧૧ થી ૪ વાગ્યા સુધી કરી શકાશે.** તે માટે સંબંધિત શાખાનો સંપર્ક કરવો. (૫) બીડ ફક્ત ઓનલાઈન દ્વારા જ રજૂ કરવી પડશે. (૬) બીડરોએ વેચાણની શરતો વાંચી અને સમજી છે અને તેના માટે બંધાયેલ છે એમ માનવામાં આવશે. (૭) સબમીટ કરવાની બીડ કિંમત અનામત કિંમતથી ઉપર રહેશે અને બીડર્સ તેમની બોલી રૂા.૧૦૦૦૦/– (રૂા.દસ હજાર) ના ગુણાંકમાં કરવાની રહેશે. (૮) બીડ રજૂ કરતા પહેલા બીડરે મિલકતનું નિરીક્ષણ તેમજ મિલકત અંગેની તમામ જાણકારી મેળવી લેવી. (૯) સફળ બીડર્સની ઈએમડી રકમ વેચાણ પ્રક્રિયામાં જમા લેવામાં આવશે અને અસફળ બીડરોની ઈએમડી પરત કરવામાં આવશે. (૧૦) ઈએમડી પર વ્યાજ મળશે નહી અને સફળ થનાર બીડરે અધિકૃત અધિકારી દ્વારા બીડની કિંમત સ્વીકાર્યા બાદ તરત જ વેચાણ કિંમતનાં ૨૫% (ઈએમડી સાથે) જમા કરવાનાં રહેશે અને વેચાણ કિંમતની બાકીની રકમ (૭૫%) વેચાણ નક્કી થયાની તારીખથી ૧૫ દિવસ કે તે પહેલા જમાં કરવાનું રહેશે. સફળ બીડર્સ દ્વારા રકમ જમા કરવામાં કસુર (વિલંબ) થયે બીડરની જમા રકમ જપ્ત થશે અને મિલકત પુનઃ હરાજીમાં મુકાશે અને કસુરવાર બીડની રકમ બાબતમાં કોઈપણ દાવો / અધિકાર રહેશે નહી. (૧૧) કોઈપણ ઈન્ટરનેટ નેટવર્ક સમસ્યા / પાવર નિષ્ફળતા/ અન્ય કોઈ ટેકનીકલ ખામી નિષ્ફળતા વગેરે માટે અધિકૃત અધિકારી / બેંક કે ઈ–હરાજી સેવા આપનાર ને જવાબદાર ગણવામાં આવશે નહી. આથી આકસ્મિક પરિસ્થિતીને દૂર રાખવા માટે ઈચ્છુક બીડરોને વિનંતી કરવામાં આવે છે કે તેમણે ઈ–હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંપૂર્ણ સજ્જ છે તે ચકાસી લેવું. (૧૨) ખરીદનારે લાગુ સ્ટેમ્પ ડયુટી / રજીસ્ટ્રેશન ફી / લાગુ પડતા સરકારી લેણાં જીએસટી અન્ય ચુકવણી અને કોઈપણ કાનુની / બીન કાનુની બાકી કર / આકારણી વેરો વગેરે ભરવો પડશે. (૧૩) અધિકૃત અધિકારી / બેંક ઉચ્ચતમ ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને તે હરાજીની કાર્યવાહી કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના તમામ ઓફરોને સ્વીકારવા કે નકારવા અથવા ઈ–હરાજી મુલતવી રાખવા/રદ કરવા અથવા તેની કોઈપણ મિલકત અથવા ભાગ પાછો ખેંચવા સંપૂર્ણ અધિકાર અને વિવેક ધરાવે છે. (૧૪) વેચાણ પ્રમાણપત્ર ફકત ખરીદનાર / અરજદારના નામે જારી કરવામાં આવશે અને અન્ય કોઈપણ નામે જારી કરવામાં આવશે નહી. (૧૫) વેચાણ સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના અમલીકરણ હેઠળ નિયમો / શરતો ને આધિન રહેશે. વેચાણની શરતો પરની કોઈપણ વિગતો / પુછપરછ સંબંધિત શાખાના આપેલ સંપર્ક નંબરો પરથી મેળવી શકાશે. (૧૬) સરફેસી કાયદા મુજબ ઉપરોક્ત ખાતાના કરજદાર / જામીનદાર / ગીરવેદાર ને **૩૦ દિવસ**ની નોટીસ દ્વારા ઉપરોકત તારીખે રાખેલ હરાજીની જાણ કરવામાં આવેલ છે.

તા.૨૨.૦૨.૨૦૨૫ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા**